# ઊંઝા પોલીસનો કોન્સ્ટેબલ લાંચ લેતા રંગેહાથ એસીબીની ઝપટમાં

ઊંઝા, તા. ૨૮

મહેસાણા જિલ્લાના ઊંઝા પોલીસ સ્ટેશનના એક પોલીસ કોન્સ્ટેબલે દારૂના કેસમાં કથિત આરોપીને માર નહીં મારવા અંગે આરોપી પાસેથી રૂપિયા ત્રીસ હજારની લાંચની માંગણી કરી લાંચ સ્વીકારતા મહેસાણા એસીબી દ્વારા ગોઠવાયેલ લાંચના છટકામાં આ પો.કોન્સ. રંગેહાથ ઝડપાઈ જતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

વિગત એવી છે કે ગત ઓક્ટોબર માસમાં ઊંઝા પોલીસે વિદેશી દારૂની બાટલીઓ કબજે કરી કેટલાક શખ્સો વિરૂદ્ધ પ્રોહિબીશનનો ગુનો નોંધ્યો હતો. આ ગુનાની તપાસ ઊંઝા પો. સ્ટે.ના એએસઆઈને સોંપાઈ હતી. દરમિયાન આ પ્રોહિબીશનના ગુનામાં આરોપી તરીકે ઊંઝાનો દારૂનો ધંધાર્થી કૈલાશ ઠાકોર સંડાવાયેલ હોવાનું જણાવ્યું હતું. જેથી આ ગુનાની તપાસ સાથે સંકળાયેલ નથી તેવા ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બ્રાહ્મણવાડા ગામે હાઈવે પરની ચેક પોસ્ટ પર ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ નંદકુમાર મગનલાલ ગોસ્વામીએ દારૂના ગુનામાં સંડોવાયેલ કથિત આરોપી કૈલાશ ઠાકોરને ગુનાના કામે હાજર થવા અને માર નહીં મારવા બાબતે રૂપિયા ત્રીસ હજારની લાંચની માગણી કરી હતી. આથી કૈલાશ ઠાકોરે લાંચ રૂશ્વત વિરોધી ખાતાની વડી કચેરી અમદાવાદનો સંપર્ક સાધી પરિયાદ આપી હતી. જેના આધારે મહેસાણા એસીબી પો.સ્ટે.ના પીઆઈ દેસાઈએ સ્ટાફ સાથે ઊંઝા ખાતે લાંચ અંગેનું છટકું ગોઠવ્યુ હતુ. જેમાં તા. ૨૬-૧૧-૨૦૧૬ના રોજ બપોરના સમયે ઉનાવા દેશની વાડી પાસે રૂપિયા ત્રીસ હજારની લાંચ સ્વીકારતા પો.કો. નંદકુમાર ગોસ્વામીને રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાંચના આ છટકામાં એસીબીએ પ્રિ રેકોર્ડિંગ તથા વીડીયો રેકોર્ડિંગના આધારે લાંચના ગુનામાં અન્ય અધિકારીઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા તાલુકામાં કથિત ભ્રષ્ટ પોલીસતંત્રને કારણે ગુનાખોરીનો વ્યાપ વધતો જાય છે. મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી ગયેલ છે. આવા મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. ઊંઝા અને ઉનાવા પોલીસ મથકોમાં નાણાં સિવાય કોઈ કામ થતુ નથી અને ફરિયાદી તેમજ નિર્દોષ નાગરિકો સાથે આરોપી જેવો વ્યવહાર થતો હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. કહે છે કે રાજકારણીઓ અને પોલીસની કથિત સાંઠગાંઠને કારણે પોલીસતંત્ર છાકટું બનીને કામ કરી રહ્યાનું ચર્ચાય છે.

# રાજ્યમાં ગ્રામ પંચાયતની ૨૭મીએ ચૂંટણી

## ૨૯મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની ચૂંટણીની તારીખો અને શિડ્યુલ જાહેર કહ્યા છે. ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ જાહેરાત કરતાં કહ્યું કે, રાજય ભરની ૧૦,૩૧૮ ગ્રામપંચાયતોની ચૂંટણી ૨૭મી ડિસેમ્બરે યોજાશે અને ૨૯ ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે. આ ચૂંટણીમાં પ્રથમવાર નોટોનો પણ ઉપયોગ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, ૫ ડિસેમ્બરે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે સાથે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૦ ડિસેમ્બર રહેશે. તેમણે વધુમાં કહ્યું કે, આ ચૂંટણીમાં ૧.૮૯ કરોડ મતદારો ભાગ લેશે. ચૂંટણી દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરિતીને પહોંચી વળવા ચૂંટણી આયોગ દ્વારા કમર કસાઈ હોવાનું પણ તેમણે દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે કુલ ૨૫,૪૫૪ મતદાન મથકો પર મતદાન થશે. આ વખતે એક વ્યક્તિ બે મત આપશે જે પૈકી એક મત સભ્યને અને એક મત સરપંચ માટે આપશે. ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતા આજથી જ આચાર સહિતનો અમલ પણ શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત ચૂંટણી હેઠળના જિલ્લાઓના તેમજ આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારી અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. જ્યારે આચાર સહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ તથા કર્મચારીઓની રજા મંજુર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

**ચૂંટણી કાર્યક્રમ**

| વિગત | તારીખ |
|---|---|
| ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૮.૧૧.૨૦૧૬ |
| જાહેરનામુ જારી થવાની તારીખ | ૦૫.૧૨.૨૦૧૬ |
| ચૂંટણીની અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૫.૧૨.૨૦૧૬ |
| ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૧૦.૧૨.૨૦૧૬ |
| ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૧૨.૧૨.૨૦૧૬ |
| ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૪.૧૨.૨૦૧૬ |
| મતદાનની તારીખ તથા સમય | ૨૭.૧૨.૨૦૧૬ (મંગળવાર) સવારના ૮થી સાંજના ૫ વાગ્યા સુધી |
| જો પુન.મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૮.૧૨.૨૦૧૬ |
| મત ગણતરીની તારીખ | ૨૯.૧૨.૨૦૧૬ |

**કયા જિલ્લામાં - કેટલા ગામો**

| જિલ્લાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | જિલ્લાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૧૩ | પાટણ | ૧૮૭ |
| અમરેલી | ૪૯૨ | પોરબંદર | ૧૩૨ |
| આણંદ | ૧૮૯ | રાજકોટ | ૫૪૫ |
| બનાસકાંઠા | ૬૩૩ | સુરેન્દ્રનગર | ૫૦૫ |
| ભરૂચ | ૪૮૬ | સાબરકાંઠા | ૨૮૩ |
| ભાવનગર | ૩૧૧ | સુરત | ૫૩૪ |
| ડાંગ | ૭૦ | તાપી | ૨૬૫ |
| દાહોદ | ૩૭૫ | વડોદરા | ૨૯૫ |
| ગાંધીનગર | ૧૯૪ | વલસાડ | ૩૨૩ |
| જામનગર | ૧૬૩ | અરવલ્લી | ૨૦૧ |
| ખેડા | ૪૨૮ | મહિસાગર | ૨૫૨ |
| જુનાગઢ | ૪૧૩ | છોટાઉદેપુર | ૨૪૧ |
| કચ્છ | ૪૭૬ | મોરબી | ૩૦૧ |
| મહેસાણા | ૧૫૩ | ગીર સોમનાથ | ૨૮૫ |
| નર્મદા | ૧૯૧ | દેવભૂમિ દ્વારકા | ૧૫૭ |
| નવસારી | ૩૧૩ | બોટાદ | ૧૩૯ |
| પચંમહાલ | ૩૭૩ | કુલ | ૧૦૩૧૮ |

# રાજ્યભરમાં કોંગ્રેસના જોરદાર દેખાવો

## નોટબંધીના નિર્ણય સામે કોંગ્રેસનો જનાક્રોશ : અનેક કાર્યકરોની અટકાયત : કોંગ્રેસ દ્વારા બાઈક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું : કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી, એસીપી અને અન્યો દ્વારા પણ ઠેર ઠેર વિરોધ પ્રદર્શન





અમદાવાદ, તા.૨૮

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આ નિર્ણય સામેના વિરોધમાં કોંગ્રેસે આજે જોરદાર દેખાવો કર્યા હતા. કોંગ્રેસે જનાક્રોશ દિવસની ઉજવણી કરી હતી. જો કે ભારત બંધના કાર્યક્રમથી દૂર રહ્યા હતા. કોંગ્રેસના ટોચના નેતાઓએ સરકાર ઉપર દબાણ લાવવાના પ્રયાસ કર્યા હતા. કેન્દ્રના આ મનસ્વી નિર્ણય સામે કોંગ્રેસ પક્ષ સહિત તમામ વિપક્ષોએ તા. ૨૮મી નવેમ્બર, ૨૦૧૬ને સોમવારના રોજ જનઆક્રોશ દિવસનું એલાન આપ્યા બાદ આજે સવારથી જ કાર્યક્રમો શરૂ થયા હતા. જાહેર સ્થળે જનઆક્રોશ દિવસ દેખાવો ધરણાં અને રેલીનું ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોમાં આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સહિત દેશની પ્રજા

નોટબંધીના કારણે પારાવાર મુશ્કેલી સહન કરી રહી છે, વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે, ખેડુતો ખાતર, બિયારણ માટે વલખાં મારી રહ્યાં છે, શ્રમિકો પોતાની રોજીરોટીથી વંચિત બની રહ્યાં છે, નાના-મોટા ઉદ્યોગો નોકરીયાત વર્ગ પર કાપ મુકી રહ્યાં છે તેવો આક્ષેપ કોંગ્રેસ દ્વારા આજે કરવામાં આવ્યો હતો. કોંગ્રેસનું કહેવું છે કે, દર્દીઓ રોકડ રકમના અભાવે સારવારથી વંચિત રહેતા હોવાના કિસ્સા પણ બન્યા છે. વિદ્યાર્થી વાલીઓને શાળા કોલેજોમાં ફી ભરવામાં અગવડતા અનુભવી રહ્યાં છે.

# કમ્બોડિયન પ્રિન્સના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ રૂપાણીને મળ્યું

## વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થવા આમંત્રણ : ગુજરાતના બુદ્ધિસ્ટના પ્રસાર તથા સામાજિક સમરસતા સાથેની સર્વાંગી વિકાસ યાત્રાથી પ્રતિનિધિઓ પ્રભાવિત

અમદાવાદ, તા.૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે ગાંધીનગરમાં કંબોડીયાના પ્રિન્સ નોરોડોમ થનારો અને થાઈલેન્ડના સુશ્રી નલિનથોન ધમ્મશ્રીબોમના નેતૃત્વમાં થાઈલેન્ડ-કંબોડીયા સહિતના દેશોના ડેલિગેશનો સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળ સંઘકાયા ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાતના બુધ્ધિસ્ટ સ્થાનોની મુલાકાતે પ્રવાસે આવેલું છે. જેમાં બૌધ ધર્મના સાધુઓ વિરાસત પ્રોજેક્ટ સંદર્ભે તેમના સહયોગની અપેક્ષા વ્યક્ત કરીને રાજયમાં દેવનીમોરી, ખાંભાલિડા, જુનાગઢની પુરાતન બુધ્ધિસ્ટ સંસ્કૃતિની સમૃધ્ધિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આ પ્રતિનિધિમંડળને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રાજયમાં બુધ્ધિસ્ટ ટુરિઝમ સર્કીટને પ્રોત્સાહન માટેના રાજય સરકારના પ્રયાસોની પણ વિગતો ચર્ચા દરમ્યાન પુરી પાડી હતી. મુખ્યમંત્રીએ આગામી જાન્યુઆરી-



તથા બૌધ ધર્મના અભ્યાસુ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. મુખ્યમંત્રી સાથેની આ બેઠક દરમ્યાન કંબોડીયા થાઈલેન્ડ અને ગુજરાત વચ્ચે પરસ્પર બુધ્ધિસ્ટ વિચારો અને મહત્વપૂર્ણ બાબતોના આદાન પ્રદાન પ્રોત્સાહન અંગે પરામર્શ તેમણે કર્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતમાં બુધ્ધ ધર્મના પ્રસાર અને વ્યાપ તેમજ રાજયની સામાજીક સમરસતા સાથેની સર્વાંગી વિકાસયાત્રાની વિગતો જાણી પ્રતિનિધિમંડળ પ્રભાવિત થયુ હતું. વિજય રૂપાણીએ ગુજરાતમાં દેવની મોરી બુધ્ધિસ્ટ ૨૦૧૭માં યોજાનારી વાયબ્રન્ટ સમિટમાં કંબોડિયા અને થાઈલેન્ડના પ્રતિનિધિમંડળને સહભાગી થવાનું આમંત્રણ પણ પાઠવ્યું હતું. નોરોડોમ અને નલિનથ્રોને આગામી વર્ષે ગુજરાતમાં ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફરન્સ યોજવાની મનસા મુખ્યમંત્રી સમક્ષ જતાવી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સકારાત્મક પ્રતિભાવ આપી સહકારની ખાતરી આપી હતી. આ મુલાકાત બેઠક વેળાએ મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર, સંઘકાયા ફાઉન્ડેશનમાં પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૮

બનાસકાઠાં જિલ્લાના ડીસા મુકામે ૨૯ નવેમ્બરના રોજ પ્રગતિ સેતુ કાર્યક્રમ ડીસા મામલતદાર કચેરી ખાતે સવારે ૧૦ વાગે યોજાશે. જેમાં કલેકટર જેનુ દેવન, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, ડીસા પ્રાંત અધિકારી ડૉ. દિગંત બ્રહ્મભટ્ટ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહી લોકોની સામૂહિક રજુઆતો સાંભળશે અને તેમના પ્રશ્નોનુ સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવશે. આ કાર્યક્રમમાં કામગીરી મંજૂર થયા પછી અમલવારી સબંધિત રજુઆત હોય કે નાણાકીય આયોજન, નીતિ વિષયક નિર્ણય વગેરે જેવી સમૂહને સ્પર્શતી રજુઆતો કરી શકાશે. આ કાર્યક્રમમાં આવી લોકો સીધા જ પ્રશ્નો પૂછી શકશે તેના માટે અગાઉથી અરજી આપવાની રહેશે નહી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયના વહીવટમાં પાદર્શિતા વધે તેમજ પ્રજાની લાગણી માંગણી અને અપેક્ષાઓ પૂર્ણ કરવા વ્યક્તિલક્ષી અને સામૂહિક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકાર ધ્વારા સેવા સેતુ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. તે પ્રમાણે બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા કલેકટર જેનુ દેવનના માર્ગદર્શન અનુસાર એક જ દિવસમાં સાત સાત જગ્યાએ સેવા સેતુ કાર્યક્રમ યોજી લોકોના પ્રશ્નો મેળવી સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવતા લોકોમાં આનંદ અને સંતોષની લાગણી પ્રસરી છે. લોકોના વ્યાપક જનસમર્થનના લીધે આ કાર્યક્રમને ખુબ સારી સફળતા મળી છે.

## સુધારા બિલ રજૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરીબ કલ્યાણ યોજનાના ફંડમાં જમા કરશે. આ રકમને શિક્ષણ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ખર્ચ કરવામાં આવશે. આ સ્કીમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ કલ્યાણ યોજના હેઠળ લોન્ચ કરી છે. સરકારે બિનહિસાબી આવક ઉપર આશરે ૭૫ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે જ્યારે બાકીની ૨૫ ટકા રકમને ઉપાડી શકાશે. ગરીબ કલ્યાણ યોજના હેઠળ ખર્ચ થનાર રકમને આવાસ, સિંચાઈ અને શૌચાલય ઉપર ખર્ચ કરવામાં આવશે. સરકારી આંકડા મુજબ ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત બાદથી બેંકોની પાસે આશરે ૬.૫૦ લાખ કરોડ રૂપિયા જમા થઈ ચુક્યા છે. નાણામંત્રીએ ભારે ધાંધલ ધમાલ વચ્ચે આજે લોકસભામાં ઈન્કમટેક્સ સુધારા બિલ રજૂ કર્યું હતું. ૮મી નવેમ્બરે રાત્રે નોટબંધની જાહેરાત કરવામાં આવ્યા બાદથી લેવડદેવડ પર આ કાયદો લાગૂ થશે.

## બંધ નિષ્ફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસદમાં ભારે ધાંધલ ધમાલ યથાવતરીતે જારી રહી હતી. વિરોધ પક્ષો મોદીના નિવેદનની માંગણીને લઈને દેખાવો કર્યા હતા. લોકસભામાં સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે મોદીના નિવેદનની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, નોટબંધીના કારણે ખેડૂતો પરેશાન થયેલા છે. રાજ્યસભામાં કાર્યવાહી શરૂ થવાની સાથે જ હોબાળો રહ્યો હતો. વિપક્ષી સાંસદો ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા અને મોદીના નિવેદનની માંગ કરી હતી. લોકસભા અને રાજ્યસભા બંનેમાં હોબાળો રહ્યો હતો. બીજી બાજુ માયાવતીએ પણ કહ્યું હતું કે, વિપક્ષી પાર્ટીઓએ ભારત બંધની જાહેરાત કરી છે પરંતુ એકમત દેખાઈ રહી નથી. પીએમ દ્વારા નોટબંધી કરવામાં આવ્યા બાદ આ ભારત બંધની જાહેરાત કરાઈ હતી. ડાબેરી શાસિત રાજ્યોમાં બંધની અસર જોવા મળી હતી. બિહારમાં દેખાવકારોએ કેટલીક જગ્યાઓએ ટ્રેનો રોકી હતી. તમિળનાડુમાં પણ બંધની ઓછી અસર જોવા મળી હતી. ડાબેરીઓએ ૧૨ કલાક માટે રાષ્ટ્રવ્યાપી બંધની હાકલ કરી હતી. મોટાભાગના પક્ષો બંધથી દૂર રહ્યા હતા. બિહારમાં ટ્રેનો રોકવામાં આવી હતી. બિહારના દરભંગા, જહાનાબાદમાં ટ્રેનો રોકવાના પ્રયાસ કરાયા હતા. દક્ષિણી રાજ્યોમાં નોટબંધીની સામે ડાબેરીઓના બંધને અસર દેખાઈ હતી. તમિળનાડુમાં વિપક્ષી નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. કેરળમાં બંધની સૌથી વધારે અસર જોવા મળી હતી.

## તપાસ થઈ શકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ નવી સ્કીમ હેઠળ એક મર્યાદા કરતા વધારે મોટી થાપણના મામલે જમા કરનાર વ્યક્તિ પાસેથી આવકના સાધન અંગે પ્રશ્ન કરવામાં આવનાર છે. એવો પ્રશ્ન પણ કરવામાં આવી શકે છે કે તેની પાસેથી ૫૦ ટકા ટેક્સની વસુલી કેમ કરવામાં ન આવે. સાથે સાથે ૨૫ ટકા રકમ ફરજિયાતરીતે જીરો વ્યાજે જમા કેમ કરવામાં ન આવે. ટેક્સ અધિકારી રદ કરવામાં આવેલા નોટવાળા તમામ રૂપિયામાં તપાસ કરી શકે છે. આ રકમ બિનહિસાબી છે કે કેમ તેની તપાસ કરવામાં આવનાર છે. કોઈ પરિવારના જુદા જુદા સભ્યોના ખાતામાં આવી રકમ જમા તો કરવામાં આવી રહી નથી તેવી બાબતોમાં ધ્યાન આપવામાં આવનાર છે.

## જીતની શક્યતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે ઉપયોગી યોગદાન આપ્યું હતું જેથી ભારતે પ્રથમ દાવમાં ૪૧૭ રન બનાવ્યા હતા અને ઈંગ્લેન્ડ ઉપર જંગી લીડ પ્રથમ ઈનિંગ્સમાં મેળવી લીધી હતી. જાડેજાએ ૧૦ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૯૦ રન કર્યા હતા જ્યારે અશ્વિને ૧૧ ચોગ્ગાની મદદથી ૭૨ રન બનાવ્યા હતા. આ ઉપરાંત જયંત યાદવે ૫૫ રનની ઉપયોગી બેટિંગ કરી હતી. ઈંગ્લેન્ડ તરફથી સ્ટોકે ૭૩ રન આપીને ૫ અને રશીદે ૧૧૮ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સમાં જોરદાર ધબડકો થયો હતો. અશ્વિનના તરખાટ સામે ટોપ ઓર્ડરના બેટ્સમેનો ઝડપથી આઉટ થયા હતા. કેપ્ટન કુક ૧૨, અલી ૫, બેરશો ૧૫ રન કરીને આઉટ થયા હતા. રુટ ૩૬ રન સાથે રમતમાં છે. હમીદ આવતીકાલે બેટિંગ કરી શકશે કે કેમ તેને લઈને હાલ સસ્પેન્સની સ્થિતિ છે તે જોતા ભારતને વધુ એક ફાયદો થઈ ગયો છે. આ ટેસ્ટ મેચ હવે ભારતના હાથમાં આવી ગઈ છે.

## હરમિન્દર ઝડપાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વસ્ત્રોમાં આવેલા અપરાધીઓએ નાભા જેલમાં આશરે ૧૦૦ જેટલા રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. અંધાધૂંધ ગોળીબારની ઘટના બન્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. આ બનાવ સવારે ૧૦ વાગ્યાની આસપાસ બનતા ચકચાર મચી ગઈ હતી. હરમિન્દરને આઈજીઆઈ એરપોર્ટથી વર્ષ ૨૦૧૪માં પંજાબ પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. મિન્ટુ ૨૦૦૮માં ડેરાસચ્ચા સોદાના પ્રમુખ ગુરમિત રામરહીમ અને હલવાડા એરફોર્સ સ્ટેશન સહિત અનેક હુમલાઓમાં સામેલ રહ્યો છે. હરમિન્દર ૨૦૧૦માં યુરોપ ગયો હતો. ૨૦૧૩માં તે પાકિસ્તાનથી પરત ફર્યો હતો. ઈટાલી, બેલ્જિયમ, જર્મની અને ફ્રાંસ જેવા યુરોપિયન દેશોમાં તે જઈ ચુક્યો છે. ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સ ફંડ એકત્રિત કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આગળ છે. ત્રાસવાદી હરમિન્દરની સાથે કુખ્યાત ગેંગસ્ટર વિકી ગોંડર પણ ફરાર થઈ ગયો હતો. ગોંડર પર ૨૦૧૫માં એક ગેંગસ્ટર સુખા ખાલોનની હત્યા કરવાનો આરોપ છે. ગોંડર પોતાના ગેંગના ૧૫ સભ્યોની સાથે જેલમાં હતો. આ સમગ્ર ઘટના બન્યા બાદ ઉંડી શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

## ચૂંટણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫ કલાક દરમિયાન મતદાનની પ્રક્રીયા યોજવામાં આવશે. જરૂર જણાંય તેવા કિસ્સામાં તા ૨૮ ડિસેમ્બરના રોજ પુન : મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે અંતે તા ૨૯ મીએ મતગણતરીની કામગીરી હાથ ધરાશે. ગ્રામ પંચાયતોની ચુંટણી હેઠળના વિસ્તારોમાં તા ૨૮ નવેમ્બરથી જ આદર્શ આચાર સંહિતાની અમલવારી કરી દેવામાં આવી છે. ગ્રામ પંચાયતની ચુંટણી દરમિયાન ૧૦૩૧૮ પંચાયતોમાં સરપંચની ચુંટણી તેમજ અંદાજિત ૯૧૦૦૨ વોર્ડમાં સભ્યોની ચુંટણી યોજાશે. જયારે જે ગ્રામ પંચાયતોની મુદત આગામી તા ૩૧ માર્ચ બાદ પુરી થતી હોય તેવા કિસ્સામાં પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકો સંદર્ભે પેટાચુંટણી પણ યોજાશે. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ઉમેદવારી નોંધવતા ઉમેદવારે પત્ર સાથે પોતાનો ગુન્હીત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવા બાબતનુ એકરારનામુ ચુંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનુ રહેશે.

## બાલોદ્યાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં સે-૨૮ના બાલોદ્યાનની સિકલ બદલવા માટે રૂ ૯ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જેમાં બાલોદ્યાનમાં લેન્ડ સ્કેપીંગ સહીત તળાવ અને સિવિલ વર્કના વિવિધ કામો પણ હાથ ધરાશે. જયારે સીટી બસસેવા માટે નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો હતો. વધુમાં સફાઈ કામગીરી માટે નગરસેવકોને પોતાના વિસ્તારોમાં રૂ ૧ લાખ સુધીનો ખર્ચ કરવાની છુટ પણ આપવામાં આવી છે. જે અંતર્ગત કોર્પોરેટરો પોતાના વિસ્તારમાં સફાઈ કામ કરાવી શકશે . મહાનગરપાલિકા દ્વારા આ બીલ મંજુર કરી દેવાશે. કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠક દરમિયાન સીટી એન્જિનિયર માટે નવી સ્વિફટ ડિઝાયર કાર ખરીદવા પણ નિર્ણય લેવાયો હતો. જયારે સીટી બસ સેવા માટે અગાઉ હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા દરમિયાન એક જ ટેન્ડર આવ્યુ હોવાથી નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો હતો. જેમાં કોર્પોરેશનની આવક વધે તે માટે પણ રકમ નિયત કરવામાં આવી હતી. સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ સહીત અન્ય ૧૨ સભ્યોની હાજરીમાં મળેલી બેઠક દરમિયાન ધોબીઘાટ બનાવવાના મામલે પણ મહત્વનો નિર્ણય લેવાયો હતો. અગાઉ સે-૧૩ માં ધોબાઘાટ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ સરકાર દ્વારા આ ઠેકાણે જગ્યા ન ફળવાતા પાલજ ,બાસણ કે આદિવાડામાં ધોબીઘાટ માટે જમીન ફાળવણી થાય ત્યાં કામ હાથ ધરવાનુ પણ નક્કી કરાયુ હતુ.

## અદબ પલાંઠી...

● ૪ પાનાનું ચાલુ...

બહાર પડયું ગેસ આપોઆપ બંધ થઈ ગયો.

પત્નીને અવાજ પરથી ખબર પડી ગઈ, તે રસોડામાં દોડીને આવી. હું ગભરાઈ ગયો. એણે રાબેતા મુજબ ધમકાવવાનું શરૂ કર્યું. 'એક કામ સખણું કરી શકતા નથી.' બીજુ ઘણું બધુ બોલી, પણ બધું અહીં લખી શકાય નહિ.

દૂધની તપેલી ઊભરાય ત્યારે કોઈપણ પ્રકારના વિચારો ન કરવા ને ગેસ બંધ કરી દેવો એવું સત્ય લાધ્યું. ઘડીભર હું મારા 'સ્માઈલ મિશન' થી દૂર થઈ ગયો હોઉં એવું મને લાગ્યું. 'હમે કાલાધન બાહર લાના હૈ. લેકિન હમે હાર નહિ માનની હૈ.... ' ટીવીમાં રાત્રે બોલાયેલા વાકયનું મને એકાએક સ્મરણ થયું.

આજ તક છે પત્ની ગુસ્સે થયેલી છે ને આપણે સામેથી સ્માઈલ આપવાનું છે. 'ઝડપી લે બંદા આ તક ઝડપી લે.' મારા હૃદયમાં પોકારો થવા માંડયા. મેં મારામાં હતી એટલી બધી હિંમત એકઠી કરીને મસ મોટુ 'સ્માઈલ' આપી જ દીધું. એણે કરડાકી ભરી એક નજર મારા પર નાખી. હું ધ્રુજી ગયો. એણે મોટેથી કહયું, ''બેટા, જો તો તારા પપ્પાને શું થયું છે , આજે સવારથી મને દાંત દેખાડયાં કરે છે. કદાચ ડૉકટરને બોલાવવા પડશે.''

મિસરી :

જિસે દુશ્મન સમજતા હૂં વહીં અપના નિલકતા હૈ
હર એક પત્થર સે મેરે સર કા કુછ રિશ્તા નિકલતા હૈ
ડરા ધમકા કે તુમ હમસે વફા કરને કો કહતે હો
કહીં તલવાર સે ભી પાંવ કા કાંટા નિકલતા હૈ?

- મુન્નવર રાના

- sontoshdevkar@gmail.com